પ્રકરણ બીજું

ભાષા – તેનાં ઉદ્ભવ, હેતુઓ અને મહત્ત્વ

૧

ભાષા – માનવીની સર્વોત્તમ સિદ્ધિ :

સ્વયં બોલતાં શીખીને માનવીએ જે સિદ્ધિ મેળવી તેવી મહાન અને અનુપમ સિદ્ધિ તેણે માનવ ઇતિહાસમાં ક્યારે ય મેળવી નથી. વાચા (speech) દ્વારા તેણે એવું અણમોલ સાધન મેળવી લીધું છે, એવી અનન્ય શક્તિ પ્રાપ્ત કરી છે કે જે વડે બીજાં પ્રાણીઓથી તે જુદો પડી આવે છે. માનવ સંસ્કૃતિના ઇતિહાસ અને વિકાસમાં વાચા – ભાષાનો ફાળો ઘણો મોટો છે. બ્લૂમફીલ્ડ (૧૯૬૩) કહે છે કે ભાષા આપણા જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. કદાચ એના પરિચયને કારણે આપણે ભાગ્યે જ તેની નોંધ લઇએ છીએ, જેમ શ્વાસોચ્છ્વાસને યા ચાલવાને સ્વાભાવિક માની તેની નોંધ નથી લેતા. પંડિત (૧૯૭૪) માનવીની એક વિશિષ્ટ સિદ્ધિ તરીકે ભાષાને ઓળખાવે છે.

છાન્દોગ્યોપનિષદમાં પણ ભાષાનું મહત્ત્વ આ પ્રમાણે વર્ણવ્યું છે: "જો વાચા ઉદ્ભવી ન હોત તો સદ્ગુણ અને દુર્ગુણ સારું અને નરસું, સુખદ અને દુઃખદ વચ્ચેનો ભેદ પારખી શકાત નહીં વાચા/ભાષા દ્વારા જ આ ભેદ આપણને સમજાય છે. માટે ભાષા ઉપર ચિંતન કરો."

માનવી ઉપરાંત પશુપંખીઓની પણ ભાષા હોય છે. તેઓ

અમુક અવાજો કાઢીને અન્ય પશુપંખીઓને કંઇક કહેતાં હોય છે. પક્ષીઓ કેટલીક ચીસો દ્વારા એમનાં બચ્ચાંને આવી રહેલા ભય સામે સાવધ કરે છે. કેટલાક અવાજો આનંદના ઉદ્ગાર જેવા છે. પરંતુ હજી સુધી અન્ય પ્રાણીઓની વાચા યા ભાષા માનવી સમજી શક્યો નથી, એમની ભાષા માનવી માટે અર્થપૂર્ણ બની નથી.

માનવ ભાષાઓ ઉદ્ભવ ક્યારે થયો? કેવી રીતે થયો? આ પ્રશ્નોના જવાબ આપવા અનેક વિદ્વાનોએ વખતોવખત ભારે મથામણ કરી છે. દરેકે પોતાનાં સિધ્ધાંત યા માન્યતા રજૂ કર્યાં છે, વળી અન્ય કોઇ વિદ્વાને તેનું ખંડન કરી પોતાની બીજી કોઇ માન્યતા રજૂ કરી છે. આવા અભ્યાસો પરાપૂર્વથી થતા આવ્યા છે, છતાં માનવ ભાષાની ઉત્પત્તિ વિશે હજી કોઇ સર્વમાન્ય મત રજૂ થયો નથી.

<u>વાચાનો ઉદ્ભવ અને વિકાસ :</u>

દરેક પ્રાણીના શરીરમાં તે મનવાંછિત ધ્વનિ અવાજ કાઢી શકે એવાં અંગો ગોઠવવાની કરામત કુદરતે કરી છે. એ અંગોની મદદથી જ પ્રાણીઓ વિવિધ અવાજો કાઢી શકે છે. માનવીના શરીરમાં ગોઠવાયેલું આ ધ્વનિયંત્ર માનવીને મળેલી અતિ કીમતી બક્ષિસ છે. એની મદદ વડે જ માનવીએ પ્રાગ્-ઐતિહાસિક માનવના અવાજોને અર્થપૂર્ણ બનાવી પોતાની વાચા યા ભાષાનો ઉદ્ભવ કર્યો છે. એટલું જ નહીં પરંતુ તેને ઉત્તરોત્તર વિકસાવીને પોતાના સૂક્ષ્મતમ વિચારો અને ઊર્મિઓનું - માનવ સંસ્કૃતિનું પ્રબળ વાહન બનાવ્યું છે.

કેટલાક જીવવિજ્ઞાનશાસ્ત્રીઓનું એવું માનવું છે કે માનવ વ્યક્તિનો વિકાસ જે માર્ગે યા રીતે માનવ જાતિનો વિકાસ

થયો તેને જ એકંદરે અનુસરતો હોય છે. આથી કેટલાક ચિંતકો માને છે કે બાળક પોતાના ધ્વનિયંત્ર વડે પોતાના વિચારો તેમ જ ઇચ્છાને પોતાની ભાષામાં યા અર્થસભર શબ્દોમાં વ્યક્ત કરતાં શીખે છે તેનું કાળજીપૂર્વક અવલોકન કરવાથી માનવભાષાની ઉત્ક્રાંતિનો ક્રમ જાણવા મળશે.

આમાં એક સાવચેતી રાખવાની જરૂર છે. બેત્રણ વર્ષને અંતે બાળક જે ભાષા બોલતાં શીખે છે તે સમાજમાં અસ્તિત્વ ધરાવતી ભાષા છે. શિક્ષકની મદદથી માનવી કોઇ તૈયાર વાજિંત્ર વગાડતાં શીખે તેમ બાળક પોતાના માતપિતાની મદદથી ઘરમાં જે સમાજમાં વપરાતી ને બોલાતી ભાષા શીખે છે, એ નવી ભાષાની શરૂઆત કે ઉત્ક્રાંતિ કરતું નથી.

આમ છતાં બાળકના ભાષાવિકાસના પ્રથમ તબક્કામાં —એના જીવનના પહેલા વર્ષમાં વિકાસની જે જે પ્રક્રિયામાંથી તે પસાર થાય છે તે પ્રાથમિક માનવીની નવી ભાષા વિકસાવવાની પ્રક્રિયા સમજવામાં ઉપયોગી થયા વિના નહીં રહે.

યેસ્પર્સન (૧૯૫૯) ના મત પ્રમાણે બાળકનો ભાષાકીય વિકાસ ત્રણ તબક્કાને આવરી લે છે: ૧. તીણી ચીસ જેવા અવાજો કાઢવા (screaming) નો તબક્કો, ૨. કૂકડા જેવો અવાજ કાઢવા (crowing or babbling) નો તબક્કો, અને ૩. પ્રચલિત ભાષામાં બોલવા (talking) નો તબક્કો. વધારે લાંબા એવા છેલ્લા તબક્કાને જેસ્પરસન બે ભાગમાં વહેંચી નાખે છે: ૧. બાળકની પોતાની બોલી (child's own little language) નો તબક્કો, અને ૨. સામાન્ય રીતે સમાજમાં વપરાતી ભાષાનો તબક્કો. ઉપરોક્ત પહેલા તબક્કામાં બાળક પ્રધાનપણે વ્યક્તિ જ રહે છે. જ્યારે બીજામાં તે ઉત્તરોત્તર વધુને વધુ પ્રમાણમાં સમાજનું અંગ

બનતો જાય છે.

બાળક જન્મ થતાં વારને જ અવાજ કાઢતું હોય છે. એવું મનાય છે કે જે બાળક મોટેથી રડી શકે છે, મોટી ચીસો પાડી શકે છે તેનું ધ્વનિયંત્ર ખૂબ મજબૂત હોય છે યા બને છે અને આગળ જતાં તે અચ્છો ગાયક બની શકે છે. ત્રીજા અઠવાડિયાથી બાળક કૂકડા જેવા વધુ આનંદદાયક અવાજો કાઢવા માંડે છે અને આ તબક્કો સાતમા કે આઠમા અઠવાડિયા સુધી તેને લઇ જાય છે. ત્રીજા મહિનાથી બાળકને પોતાનો અવાજ સાંભળવાનું ગમે છે. જયારે તે પોતાની માતાના અને પોતાના અવાજનું મળતાપણું પારખે છે ત્યારે તે અપાર આનંદ અનુભવે છે. સમજુ માતાપિતા બાળકના આ પ્રયત્નનું રહસ્ય સમજે છે અને તેઓ તેની સમક્ષ જુદા જુદા ધ્વનિ યા શબ્દોચ્ચાર રજૂ કરીને તેનું પુનરાવર્તન કરવાની તક બાળકને આપે છે. આમ વારંવાર કરવાથી બાળક આગળ જતાં જે પ્રભુત્વ ભાષા ઉપર મેળવવાનો છે તેનો પાયો નખાય છે. આ પ્રક્રિયા ત્રીજા મહિનાથી પહેલા વર્ષના અંત સુધી ચાલુ રહે છે. આ તબક્કો બાળકની પોતાની ભાષાનો તબક્કો છે. તે દરમિયાન બાળક ભાષાનો સામાજિક ઉપયોગ કરવાની તૈયારી કરે છે.

પ્રાથમિક માનવના ભાષાવિકાસનો ખ્યાલ જો બાળકના ઉપરોકત ભાષાવિકાસમાંથી આપણે મેળવવા માગતા હોઇએ તો એ પૈકીના કયા તબક્કાનો ઉપયોગ કરીશું? આ પ્રશ્નનો અત્યંત સ્પષ્ટ જવાબ જેસ્પર્સન (૧૯૫૯) આ પ્રમાણે આપે છે.

"If we are seeking some parallel to the primitive acquisition of language, we must... turn to baby language as it is spoken in the first year

of life, before the child begins to 'notice' and to make out what use is made of language by grown-up people. Here, in the child's purposeless murmuring, crowing and babbling, we have real nature sounds; here we may expect to find some clue to the infancy of the language of the race. And again we must not neglect the way children have of creating new words never heard before, and often of attaching a sense to originally meaningless conglomorations of sound."

જેમ બાળકોની પોતાની ભાષામાંથી માનવ જાતિની પ્રાથમિક ભાષાની ઉત્ક્રાંતિના ક્રમનો અણસાર મળે છે તેમ એવી માહિતી મેળવવા માટે આદિવાસીઓની ભાષા પણ અંશત: ઉપયોગી નીવડે. સુધરેલા દેશોની વિકસિત ભાષાઓ કરતાં એમની ભાષા માનવીની પ્રથમ ભાષાની વધુ નજીક હશે, જો કે સૈકાઓના અસ્તિત્વ દરમિયાન એમની ભાષાનો પણ થોડો ઘણો વિકાસ તો થયો જ હશે અને તેથી માનવીની પ્રથમ ભાષાથી એ પણ કંઇક દૂર નીકળી ગઇ હશે.

કદાચ ભાષાનો ઇતિહાસ આપણા અભ્યાસમાં એક વિશ્વાસપાત્ર સાધન પૂરું પાડશે. વર્તમાનમાંથી ભૂતકાળ તરફ દોરી જતો (tracing history backward) ઇતિહાસનો ક્રમ એક વિશિષ્ટ પધ્ધતિ પૂરી પાડે છે. વીસમી સદીની ભાષાઓનો ઇતિહાસ આ પધ્ધતિ પ્રમાણે જો આલેખીએ અને ભૂતકાળમાં જેટલા પાછળ જઇ શકાય એટલા જો જઇએ તો વર્તમાન અંગ્રેજી ભાષાની જૂની અંગ્રેજી સાથે, ફ્રેન્ચ અને ઇટાલિયન ભાષાની લેટીન સાથે, આધુનિક ભારતીય પ્રાદેશિક ભાષાઓની સંસ્કૃત સાથે સરખામણી કરતાં

ભાષાવિકાસના કેટલાક સિદ્ધાંતો તારવી શકાય. અને તેને આધારે પ્રાગૈતિહાસિક કાળની ભાષામાં પણ ડોકિયું કરી શકાય.

આ થઈ પ્રાચીનતમ ભાષા યા ભાષાઓની ઉત્પત્તિ અને વિકાસની વાત. હજી એ સંશોધનનો વિષયો રહયો છે. આજપર્યંત થયેલાં સંશોધનો નિર્ણાયક બન્યાં નથી. હજી નવા નવા દૃષ્ટિકોણથી હવે ભાષાવિજ્ઞાન (linguistics) ના દૃષ્ટિકોણથી પણ આ સમસ્યાનો વિચાર થઇ રહયો છે. મૂળ દસ્તાવેજી પુરાવાને અભાવે આ ક્ષેત્રના સંશોધકોનું કાર્ય અતિ મુશ્કેલ છે એનો સૌએ સ્વીકાર કરવો ઘટે.

ભાષાના વિવિધ ઉપયોગો :

માનવીની પુરાતન ભાષા–ભાષાઓ બોલાતી (spoken) ભાષાઓ જ હતી. તે વખતે લિપિની શોધ થઇ નહોતી, એ તો બહુ વર્ષો– હજારો લાખો વર્ષો પછી થઇ. આજે પણ ઘણી ભાષાઓને લિપિ નથી. બાળક પહેલાં શુદ્ધ ઉચ્ચારણ કરતાં શીખે છે, બોલતાં શીખે છે, પછી તે વાંચતાં ને ત્યારપછી લખતાં શીખે છે. સાંસ્કૃતિક વારસાને બળે માનવબાળ આસપાસના કૌટુંબિક ને સામાજિક વાતાવરણમાંથી બોલતાં શીખી લે છે અને તેનો પોતાના જીવન વ્યવહારમાં ઉપયોગ કરે છે.

માનવી ભાષાનો અનેક રીતે તથા અનેકવિધ હેતુઓ માટે ઉપયોગ કરે છે. પોતાની અંગત જરૂરતો ને ઇચ્છાઓ તે બીજા માનવી સમક્ષ ભાષાધ્વારા રજૂ કરે છે. પોતાના વિચારો ને લાગણીઓ

તે ભાષાદ્વારા વ્યક્ત કરે છે. પોતાનું ચિંતન યા પોતાની [illegible] પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં યા પોતાની સમસ્યાઓનો ઉકેલ શોધવામાં પણ તે પોતાના ભાષાજ્ઞાનનો ઉપયોગ કરે છે. વ્યાપારધંધામાં, ખેતીઉદ્યોગમાં સામાજિક યા સાંસ્કૃતિક કામો કરવામાં અનેક હેતુઓ માટે અનેકવિધ રીતે માનવી ભાષાનો ઉપયોગ કરે છે. મુખ્યત્વે તે જેમ અન્ય માનવીઓ સાથેના વ્યવહારમાં ભાષાનો ઉપયોગ કરે છે તેમ ખુદ પોતાની સાથેના વ્યવહારમાં – આત્મવિકાસાર્થે યા પોતાની પ્રવૃત્તિઓનું નિર્માણ કરવામાં તેને ભાષાનો ઉપયોગ કરવો પડે છે.

૧ સામાજિક વ્યવહારો માટે

સૌ પ્રથમ આવે છે અન્ય માનવીઓ સાથેના વ્યવહારમાં ભાષાનો સામાજિક ઉપયોગ. પોતાની અંગત યા સામુહિક જરૂરતો અને ઇચ્છાઓ બીજા માનવીઓ સમક્ષ તે ભાષાદ્વારા રજૂ કરે છે. તે બીજાને આદેશ આપે છે, ધમકી આપે છે, આજીજી કરે છે. આમ ભાષા વ્યક્તિના વિચારો અને લાગણીઓની અભિવ્યક્તિનું સાધન બને છે. વ્યાપાર ધંધામાં, ખેતીઉદ્યોગમાં, સાહિત્ય–વિજ્ઞાનમાં, સામાજિક, રાજકીય ને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાષાનો ઉપયોગ કરવાનું તેને માટે અનિવાર્યપણે આવશ્યક બને છે. કોઇપણ જીવન વ્યવહારમાં યા વિચાર વિનિમયમાં યા લાગણીની સંવેદનામાં ભાષાનો ઉપયોગ અનિવાર્ય છે. એની પાસેનું તે એક અત્યંત ઉપયોગી ને હાથવગું સાધન છે. માનવ – માનવ વચ્ચે, એક સમાજ અને બીજા સમાજ વચ્ચે, એક પ્રજા અને અન્ય પ્રજા વચ્ચે, રાષ્ટ્રો વચ્ચે અને વિશ્વની માનવ જાતિઓ વચ્ચે ભાષા એક અવિચ્છેદ્ય સુવર્ણ કડી બની રહે છે.

હિન્ડસેલ (   ) આ વાત સરસ રીતે રજૂ કરે છે:

"Language is a tool to be used in the commerce of life. Through it we receive the thought and feeling of our fellows and convey to them our own thought and feeling in return. The field of this peculiar commerce is so extensive that it gives rise to three greatest arts - speech, reading and writing."

૨ મનની શક્તિઓના વિકાસ માટે

ભાષાના આવા વ્યાપક સામાજિક ઉપયોગ ઉપરાંત ખુદ પોતાની સાથેના વ્યવહારોમાં માનવી ભાષાનો ઉપયોગ કરે છે. સામાજિક કાર્યો કરતાં વ્યક્તિના બૌદ્ધિક જીવનમાં અને સ્વ-નિયંત્રણમાં ભાષા જે ભાગ ભજવે છે તે બહુ આંખે ચડે એવો નથી અને છતાં સંશોધનો દ્વારા એનું મહત્ત્વ સ્થાપિત થયું છે.

ભારત સરકારે નિયુક્ત કરેલા સત્તાવાર ભાષા પંચે પણ આ વાત આમ રજૂ કરી છે:

"આજના સામાજિક જીવનમાં માનવ વ્યવહારો બહુ જટિલ બન્યા છે. પરંતુ ભાષા કંઇ માત્ર માનવ વ્યવહારોનું સાધન યા વાહન નથી. ભાષાથી આપણે એટલા બધા ટેવાઇ ગયા છીએ કે તે અજાણતાં આપણા વિચારોમાં પ્રવેશી જાય છે અને તેને આકાર પણ આપે છે. જે વસ્તુઓ, વિચારો અને સંબંધોને આપણે મૂર્ત સ્વરૂપ આપવા માગતા હોઇએ તેના સંદર્ભમાં નહીં પરંતુ શબ્દો અને શબ્દસમૂહોને આધારે આપણે ઘણીખરી વિચારણા અચૂકપણે થતી હોય છે.

વ્યક્તિના જીવનમાં અને તેના આંતરિક વ્યવહારોમાં ભાષા જે ભાગ ભજવે છે તેનું મેકગિનિટી (૧૯૬૯) એ આ પ્રમાણે આલેખન કર્યું છે.

"Language not only embodies the information that is transmitted to the student but furnishes the organizing patterns that permit him to remember what he experiences, the conceptual substance from which he can build up new creations of thought, and the signals which he can then direct himself. ... ... In the child's development of concepts verbal tables are generally acknowledged to be important. ... ... Verbal symbols are often essential features in human problem - solving. This is perhaps obvious to anyone who has ever talked to himself or picked up a pencil while thinking through a problem of any sort. ... ... Through his use of language in problem-solving, man uses language to give direction to his activities. He also uses language for self-direction in a more immediate way. ... ... The fact that, in thinking, one may use the organization of the environment given by the concept labels of one's language and manipulate these within the frame work of grammatical catagories and relationships also given by language has led many to pondor and some to proclaim the influence of language over thought."

રોજબરોજના જીવનવ્યવહારમાં અભિવ્યક્તિના વાહન તરીકે ભાષાનો ઉપયોગ થાય છે એટલું જ નહીં પરંતુ માનવીની મનોસૃષ્ટિના ઘડતર અને વિકાસમાં પણ ભાષાનો પ્રભાવ કેવો પડે છે તે આપણે ઉપર જોયું. માનવીના વિચારો, એનું ચિંતન (thinking), એના મનમાં ઉદ્ભવતા અમૂર્ત ખ્યાલો (concepts), એનું સાહિત્ય-સર્જન યા વિવેચન, એની નવી પ્રવૃત્તિઓની આયોજના, એની સામે ઉપસ્થિત થતી સમસ્યાઓ અને તેના ઉકેલ (Problem-solving) માટેની એની માનસિક મથામણ - આ બધામાં એણે પ્રાપ્ત કરેલાં ભાષાજ્ઞાન અને ભાષાકૌશલ્યો એના નિકટના ભેરુ બની જાય છે. અને એની મદદથી એ પોતાનું કામ પાર પાડે છે એટલું જ નહીં પરંતુ તે માટેની યુક્તિ-પ્રયુક્તિ હસ્તગત કરવામાં વધુ ને વધુ નિપુણતા પ્રાપ્ત કરતો જાય છે.

ભાષા - સામાજિક વિકાસની પારાશીશી

આવા બહુમુખી અને વ્યાપક ઉપયોગ માટે બધી ભાષાની ક્ષમતા એકસરખી હોતી નથી. કોઇ દેશ યા પ્રજાનો જેટલો સામાજિક વા વૈજ્ઞાનિક વા સાંસ્કૃતિક વિકાસ થયો હોય તેટલા પ્રમાણમાં જ એની ભાષા/ભાષાઓ વિકાસ પામી હોય છે. આધુનિક યુગની ખાસિયતો અને પરિસ્થિતિ પર દૃષ્ટિપાત કરીએ તો આપણને સમજાશે વિજ્ઞાન ને યંત્રોદ્યોગના ક્ષેત્રમાં આગળ વધેલા ઈંગ્લેંડ, જર્મની, રશિયા, જપાન કે અમેરિકા દેશોમાં ભાષાઓનું જે ખેડાણ અને વિકાસ થયો છે તેટલો ભારત, મિસર, ઇન્ડોનેશિયા કે આફ્રિકાના દેશોની ભાષાઓમાં થયો નથી. ભારતની રાષ્ટ્રીય કે પ્રાદેશિક ભાષાઓને

હજીસુધી આપણે અંગ્રેજી ભાષા જેટલી સુસજ્જ ને સક્ષમ બનાવી શક્યા નથી. આથી જ ભારતીય ભાષાઓને અંગ્રેજીને સ્થાને સત્તાવાર ભાષા તરીકે યા ઉચ્ચ શિક્ષણની બોધભાષા તરીકે સ્થાપિત કરવાના સ્વતંત્ર ભારતના નિર્ણયોનો અમલ કરવામાં વિલંબ થઇ રહ્યો છે.

કોઇપણ સમાજ વિકાસને જે તબક્કે આવીને ઉભો હોય તેમાં માનવીને જે કંઇ કહેવાનું હોય તે યથોચિત રીતે કહી શકાય એટલો જ તેની ભાષાનો વિકાસ થાય છે. જે જે ક્ષેત્રોમાં એમનો વિકાસ થતો જાય તે તે ક્ષેત્રોમાં ભાષાનો ઉપયોગ થતાં થતાં એનું પારિભાષિક શબ્દભંડોળ વધતું જાય અને એ ક્ષેત્રમાં અભિવ્યક્તિની ભાષા તરીકેની તેની ક્ષમતા પણ વિકાસ પામતી જાય.

ભાષાની વ્યાપક સર્વગ્રાહિતા વિશે એક અમેરિકન લેખક આ પ્રમાણે કહે છે:

"They (languages) have names for most of the objects, actions, ideas and attributes that are important to society. Another way of emphasizing the completeness of languages is to stress that they are used for general communication, that is, that with language one may say all things. Thus the sheer quantity that the child must learn in learning a language is enormous."

માનવ ઇતિહાસમાં થયેલી કેટલીક મહત્ત્વપૂર્ણ શોધોએ ભાષાની ઉપયોગિતામાં અને સામાજિક પરિવર્તનના એક પ્રબળ ને અસરકારક સાધન તરીકેના તેના મૂલ્યમાં ઘણો વધારો કર્યો છે. પહેલી શોધ

લિપિ (script) ની છે. જેણે બોલાતી ભાષાના ધ્વનિઓને સંજ્ઞાબધ્ધ કર્યા. લિપિની સંજ્ઞાઓએ ઇતિહાસ, સાહિત્ય, વિજ્ઞાન, વૈદકવિદ્યા, કાનૂનો, ભાષાવિજ્ઞાન, ઇત્યાદિને શબ્દબધ્ધ કરીને એક પેઢી પાસેથી અનુગામી પેઢીને ભવ્ય સાંસ્કૃતિક વારસો આપી જવાનું શક્ય બનાવ્યું. લિપિની શોધે શિક્ષણની પરંપરા બદલવામાં પણ મહત્ત્વનો ફાળો આપ્યો.

ત્યારબાદ ૧૪મી સદીમાં બીજી ક્રાંતિકારી ને દૂરગામી પરિણામો લાવનારી જે શોધ થઇ તે મુદ્રણકળા (Printing) ની. આ શોધે તો યુરોપમાં ધાર્મિક, સાહિત્યિક, વૈજ્ઞાનિક ને સાંસ્કૃતિક પુનરુત્થાન (renaissance) આણ્યું. મુદ્રણકળાની શોધને પરિણામે પ્રજામાં શિક્ષણનો ફેલાવો થયો, વાચનસામગ્રી બહોળા પ્રમાણમાં અને સસ્તી કિંમતે તેમ જ સહેલાઇથી મળવા લાગી એટલે લોકોમાં વાચનની ટેવ વધી, તેનો શોખ વધ્યો. પરિણામે જ્ઞાન વધ્યું, મધ્યકાલીન આજ્ઞાધારકતાને બદલે લોકો સ્વતંત્રપણે વિચાર કરતા થયા, સત્ય શું છે તે જાણવા માટે ઉત્સુક બન્યા, અને સત્યની શોધ માટે વૈજ્ઞાનિક પ્રયોગો કરવા લાગ્યા. આ રીતે મુદ્રણની શોધને પરિણામે યુરોપમાં રાજકીય, આર્થિક, સામાજિક, ધાર્મિક ને સાંસ્કૃતિક ક્રાંતિનો – વૈચારિક ક્રાંતિનો અને તે પછી આચારક્રાંતિનો યુગ બેઠો.

મુદ્રણની શોધની અસર માત્ર યુરોપ ઉપરજ નહિ પરંતુ વિશ્વના ઘણા દેશો પર પડવા લાગી. આ શોધે પણ પોતાની આવી મહત્ત્વપૂર્ણ કામગીરી બજાવવામાં ભાષાનો – લિપિનો જ સાધન તરીકે ઉપયોગ કર્યો. આ રીતે વિવિધ ક્ષેત્રોમાં જેમ વિશ્વની ભાષાઓ ખેડાતી ગઇ તેમ એમનો પણ ઝડપી વિકાસ થવા લાગ્યો. એમના શબ્દભંડોળ વધતા ગયા, ભાષાઓની અભિવ્યક્તિની શક્તિ ને ક્ષમતા પણ વધવા લાગી.

આવી જ રીતે વર્તમાનપત્રો, રેડિયો, ફિલ્મ ટેલિવિઝન જાહેર શિક્ષણતંત્ર, ઇત્યાદિ દ્વારા છેલ્લા થોડા દશકામાં ભાષાનું, જ્ઞાનનું અને સાહિત્યનું ખેડાણ ઘણું વધી ગયું છે. અને આધુનિક વિશ્વમાં ભાષા માનવીના વૈયક્તિક તેમ જ સામુહિક વિકાસનું એક અતિ સબળ ને અસરકારક સાધન બની ગયું છે.

ભારતીય ભાષાઓના આવા વિકાસલક્ષી કાર્યક્રમોની ચર્ચા કરતાં ભારતના સત્તાવાર ભાષાપંચના અધ્યક્ષ, ખેર (૧૯૫૬) પોતાના અહેવાલમાં યથાર્થ રીતે કહે છે કે –

What is the relevance

"It must be remembered that the linguistic revolution that we seek would necessarily be spread over almost a couple of decades in some of the phases. Language development is a secular process. In modern times with judicious use of modern means like the press, radio, printing presses, systems of public instruction, etc. the pace can be much accelerated and a great deal of development telescoped into a relatively short space of time."

ભાષા વિશેની જે સામાન્ય ચર્ચા ઉપર કરી છે તેમાંથી ભાષાની ઉપયોગિતા, જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં પડતો તેનો પ્રભાવ અને વિકાસલક્ષી પ્રક્રિયાને વેગ આપવાની તેની પ્રબળ શક્તિનો આપણને ખ્યાલ આવે છે. " આમ એક દૃષ્ટિએ જુઓ તો ભાષા ખૂબ મહત્ત્વની છે, પરંતુ બીજી દૃષ્ટિએ તેને નિહાળો તો તેનું કંઇ અથવા કશું નોંધપાત્ર મહત્ત્વ નથી. માનવ વિકાસની પ્રગતિનું

એ અગત્યનું સાધન (instrumantality) છે. એમાં જ એનું મહત્ત્વ છે. માનવજીવનને વણી લેતી તે એક સાળ છે. આમ છતાં ખુદ એનું અંતર્ગત યા મૂળભૂત મહત્ત્વ ઝાઝું નથી. કેમ કે વસ્તુતઃ એ તો એક સાધન જ છે: સાળ છે, કાપડ નહીં; વિચારનું વાહન છે, ખુદ વિચાર નહીં, લોકોના રીતરિવાજો, પ્રણાલિકાઓ, સાંસ્કૃતિક સ્મરણો, ઇત્યાદિ બીજી પેઢીને પહોંચાડવાનું પાત્ર છે, તેનું સત્ત્વ નહીં."

૨

ભારતની કેટલીક પ્રાદેશિક ભાષાઓ

આ પ્રકરણના પહેલા ભાગમાં આપણે વાચા (speech) અને ભાષાની ઉત્પત્તિ વિશે, એના વિકાસ તથા ઉપયોગો વિશે અને તે દ્વારા થતા માનવ સમાજના સર્વતોમુખી વિકાસ વિશે, કોઇ એક ભાષાને અનુલક્ષ્યા વિના, સામાન્ય ચર્ચા કરી. અગ્નિની, ચક્રની, ખેતીની અને મુદ્રણની શોધે જેમ માનવીના જીવનમાં ક્રાંતિકારી ફેરફારો કર્યા અને તેના ઝડપી વિકાસમાં ફાળો આપ્યો તેમ વાચા, ઉચ્ચારશાસ્ત્ર, લિપિ, અને ભાષાવિજ્ઞાનની શોધ તથા વિકાસ દ્વારા માનવીએ વૈયક્તિક અને સામુહિક જીવનની તરાહ અને સિકલ બદલી નાખ્યાં છે.

વિશ્વની કેટલીક ભાષાઓનો ઉદ્ભવ :

પ્રાચીનતમ ભાષાઓનો વિચાર કરતાં આપણને હિબ્રૂ, લેટીન, ગ્રીક, સંસ્કૃત, અરબી, ઇત્યાદિ પ્રશિષ્ટ (classical) ભાષાઓ યાદ આવે છે. કોઇ એક સમયે લોકો આ ભાષા બોલતા હશે. પરંતુ આ ભાષા વિદ્વાનોની ભાષા હોવાથી સામાન્ય લોકો

તેના વિકૃત સ્વરૂપમાં તેનો ઉપયોગ કરવા લાગ્યા. આ રીતે એક મૂળ પ્રાચીન પ્રતિષ્ટ ભાષામથી બીજી ભાષાઓનો ઉદ્ભવ થયો. દાખલા તરીકે લેટીનમથી ઇટાલિયન ને ફ્રેન્ચ ભાષાનો તથા અરબીમથી ફારસી ને તેમથી ઉર્દૂભાષાનો ઉદ્ભવ થયો. આપણી સંસ્કૃત ભાષા તો અનેક બોલીઓ (dialects) અને પ્રાદેશિક ભાષાઓની જનેતા છે. આર્યોના વેદો જો સંસ્કૃત ભાષામાં રચાયા હતા તો બૌધ્ધ ધર્મના ગ્રંથો પાલીમાં અને જૈનોના ગ્રંથો અર્ધમાગધીમાં રચાયા હતા. દક્ષિણ ભારત સિવાયની આખા દેશની બધી પ્રાદેશિક ભાષાઓ હિન્દી, ગૂજરાતી, બંગાળી, મરાઠી, કાશ્મીરી, રાજસ્થાની, આસામી, ઉડિયા (ઉત્કલ – ઓરિસાની) જેવી હાલની પ્રાદેશિક ભાષાઓ એક જ કુળની ભાષાઓ છે. એમની જનેતા સંસ્કૃત જ છે. માત્ર દક્ષિણ ભારતની તેલુગુ, તામિલ, કન્નડ ને મલયાલમ ભાષાઓ જ સંસ્કૃત કુળની નહીં પરંતુ દ્રાવિડ કુળની ભાષાઓ છે.

<u>બહુભાષાભાષી દેશોની ભાષાકીય જરૂરતો :</u>

જો ભાષાના ખેડાણને કારણે એકબાજુ માનવ વિકાસને અસાધારણ વેગ મળ્યો છે તો બીજી બાજુ તેણે કેટલાક સંઘર્ષો અને કેટલીક સમસ્યાઓ પણ ઉભી કરી છે. ઈગ્લેંડ અને ઉત્તર અમેરિકા એક ભાષાભાષી દેશ છે, કેનેડાના લોકો ફ્રેન્ચ અને અંગ્રેજી ભાષા બોલે છે, બેલ્જિયમના લોકો ફ્લેમિશ, ફ્રેન્ચ અને જર્મન ભાષા વાપરે છે, સ્વિટ્ઝર્લેંડમાં પણ જર્મન, ફ્રેન્ચ, ઇટાલિયન અને અંગ્રેજી ભાષા બોલાય છે. સ્વતંત્ર ભારતનાં કેટલાંક રાજ્યો દ્વિભાષી (bi-lingual) રાજ્યો છે: દા.ત. મહારાષ્ટ્રવાસીઓની મુખ્ય ભાષા મરાઠી, પણ અમુક પ્રદેશના લોકોની ભાષા ગૂજરાતી અને હિંદી પણ ખરી. મહારાષ્ટ્ર ને ગૂજરાતમાં જે રાજ્યોનું વિભાજન થયું તે મુંબઇ રાજ્ય પણ દ્વિભાષી રાજ્ય હતું.

પરંતુ ભારત અને રશિયા જેવા કેટલાક દેશો બહુભાષા-ભાષી (multi - lingual) દેશો છે. "લિંગ્વીસ્ટીક સર્વે ઓફ ઇન્ડિયા" મુજબ જ્યારે ભારતમાં ૧૭૯ ભાષાઓ અને ૫૪૪ બોલીઓ છે, ત્યારે સોવિયેટ યૂન્યનમાં ૨૦૦ ભાષાઓ અને બોલીઓ વપરાય છે. જેમ ભારતના સંવિધાનના ૮મા પરિશિષ્ટમાં ૧૪ પ્રાદેશિક ભાષાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે તેમ રશિયામાં ઓકટોબરની ક્રાંતિ પછી ૧૬ જેટલી પ્રાદેશિક ભાષાઓને માન્યતા આપવામાં આવી છે. રશિયાની બધી ભાષાઓમાં દસ કરોડ માનવીઓની જે ભાષા છે તે રશિયન ભાષા બધી દષ્ટિએ મોખરાનું સ્થાન ભોગવે છે. તેવી જ રીતે ભારતની પ્રાદેશિક ભાષાઓમાં હિન્દી ભાષા અનન્ય સ્થાન ધરાવે છે. કુલ વસતીના આશરે ૩૦ લોકોની - આશરે ૧૭-૧૮ કરોડ લોકોની માતૃભાષા હિંદી છે.

બહુભાષાભાષી દેશોમાં ઘણા લોકોને માટે એકથી વધારે ભાષા શીખવાનું આવશ્યક બને છે. કોઇ પ્રદેશની જે ભાષા હોય તે મોટા ભાગના લોકોની માતૃભાષા યા પ્રથમ ભાષા હોય છે. બહુજનસમાજના સામાન્ય વ્યવહારની આ ભાષા છે. દાખલા તરીકે ગૂજરાતમાં ગૂજરાતી ભાષા પ્રાદેશિક ભાષા છે, મોટા ભાગના નાગરિકોની તે માતૃભાષા પણ છે. બાળપણમાં તે આ ભાષામાં જ સૌથી પ્રથમ પહેલી શીખે છે, અને તેથી પોતાના જ પ્રદેશમાં લોકોના પરસ્પર વ્યવહારની તથા શિક્ષણની ભાષા પણ તેજ છે.

પરંતુ આવા બહુભાષાભાષી દેશના એક પ્રદેશના લોકો અન્ય ભાષા બોલતા બીજા પ્રદેશના લોકો સાથે શી રીતે વહેવાર કરતા હશે? એવી કોઇ રાષ્ટ્રભાષા (national language)

હોવી જોઇએ અને તે આવા લોકોને આવડતી હોવી જોઇએ કે જેના દ્વારા તેઓ પોતાના આંતર - પ્રાદેશિક વ્યવહારની જરૂરતો સંતોષી શકે. આવી ભાષા રશિયામાં રશિયન અને ભારતમાં હિન્દી છે. આ ભાષાઓ જુદા જુદા પ્રદેશના લોકોને સંયોજક કડીની માફક સાંકળી લે છે.

આપણા દેશમાં કેટલાક લોકો માટે ત્રીજી ભાષા જાણવાનું પણ આવશ્યક બન્યું છે. આપણને વ્યાપારઉદ્યોગ તેમ જ વિજ્ઞાનના ક્ષેત્રે પરદેશો સાથે ઘણા જૂના સંબંધો છે. આપણા હજારો યુવાનો પરદેશોમાં અભ્યાસાર્થે પણ વસવાટ કરે છે. ઇંગ્લંડ, અમેરિકા આફ્રિકા, ન્યૂઝીલેન્ડ, ઇદ્વિયાદિમાં આજીવિકા માટે અનેક ભારતીય કુટુંબો વસ્યાં છે. આ ભારતવાસીઓને તેમ જ જેમને આંતરરાષ્ટ્રીય વ્યવહાર કરવાની જરૂર પડે છે તે સૌ માટે એક વિશ્વભાષા જાણવી આવશ્યક છે. જેઓ વિજ્ઞાન, યંત્રોદ્યોગ, તબીબી કે કાનૂની વિદ્યાશાખામાં ઉચ્ચશિક્ષણ લેવા માગે છે, યા જ્ઞાનના કોઇપણ ક્ષેત્રમાં ઉચ્ચ અભ્યાસ કરવા ચાહે છે તેમને સૌને અદ્યતન જ્ઞાન - સંશોધનો-સાહિત્યથી પરિચિત રહેવા સારુ પણ એક ખેડાયેલી વિશ્વભાષા જાણવી - અભિવ્યક્તિ (expression) માટે નહીં પરંતુ અર્થગ્રહણ (comprehension) માટે તો અવશ્ય - એ એમની એક અનિવાર્ય જરૂરત બની જાય છે.

આ ભાષા અંગ્રેજી, ફ્રેન્ચ કે રશિયન હોઇ શકે. સંયુક્ત રાષ્ટ્રોએ પણ આ ભાષાઓને સ્પેનીશ અને ચીની ભાષાઓ સહિત માન્યતા આપી છે. પરંતુ બ્રિટિશ અમલ દરમિયાન આ ભાષાઓ પૈકી અંગ્રેજી ભાષાનું ખેડાણ ભારતમાં સારું જેવું થયું છે. ભારતની વસતીના માત્ર એક ટકા લોકો અંગ્રેજી જાણતા હોવા છતાં એ ભાષા લગભગ એક સદી સુધી સરકારી ભાષા તરીકે રાજ્ય

વહીવટની તેમ જ અદાલતની ભાષા હોવાથી અને શિક્ષણની બોધભાષા હોવાથી, એનો સંસ્કાર-વારસો સ્વતંત્ર ભારતને પણ મળ્યો છે. બીજી કોઇપણ ભાષા કરતાં અંગ્રેજીનાં મૂળ ભારતમાં ઘણું ઊંડાં ગયાં છે. આથી આંતરરાષ્ટ્રીય વ્યવહારોની કડી ભાષા તરીકે જો કોઇપણ વિશ્વ ભાષા પસંદ કરવાની હોય તો અંગ્રેજી ભાષાને ભારતવાસીઓ પ્રથમ પસંદગી આપે એ સ્વાભાવિક છે.

ત્રિભાષા સૂત્ર અને શિક્ષણમાં તેની વ્યવસ્થા :

આપણા બહુભાષાભાષી દેશમાં અને તેના વિશ્વવ્યાપી સંબંધોના સંદર્ભમાં પ્રજાને જુદે જુદે સ્તરે અને ભિન્ન ભિન્ન હેતુઓ/ ઉપયોગ માટે ત્રણ ભાષાની જાણકારી આવશ્યક બને છે. આથી ભારતમાં ભાષાશિક્ષણનો પ્રશ્ન ઘણો જટિલ બન્યો છે. તેણે અનેક સમસ્યાઓ ઊભી કરી છે.

ત્રણે ભાષાના ઉપયોગની દૃષ્ટિએ આ ભાષાઓનો વિચાર કરીએ તો એને જરૂરતના ક્રમમાં નીચે પ્રમાણે ગોઠવી શકાય:

પહેલી ભાષા: વ્યક્તિની માતૃભાષા યા પ્રાદેશિક ભાષા એ બાળક તરીકે સૌ પ્રથમ આ ભાષા બોલતાં શીખે છે. જે આ પ્રદેશના સઘળા વતનીઓના જીવનવ્યવહારની – એના વિચારો – ઊર્મિઓની અભિવ્યક્તિની ભાષા છે.

બીજી ભાષા : પહેલી કડી ભાષા (link language) –જેનો ઉપયોગ બહુભાષાભાષી દેશમાં કેટલાક લોકો પોતાના આંતર પ્રાદેશિક જીવનવ્યવહારો માટે કરે છે.

ત્રીજી ભાષા : બીજી કડી ભાષા – જે વિશ્વભાષા છે, અને જેનો ઉપયોગ અલ્પસંખ્ય ભારતવાસીઓ પોતાના આંતરરાષ્ટ્રીય વ્યવહારો જાળવવા માટે, ઉચ્ચ કક્ષાના વિદ્યાભ્યાસ માટે, યા

પોતાના વેપારઉદ્યોગના વિકાસાર્થે કરતા હોય છે.

ભાષા દ્વારા ભાવાત્મક એકતા :

ભાષા એ માનવ વિકાસનું અગત્યનું સાધન હોય તો તે દેશદેશ વચ્ચેના તેમ જ પ્રદેશ પ્રદેશ વચ્ચેના અનેક ઝગડાઓનું મૂળ પણ છે. સ્વતંત્ર ભારતનો દાખલો લઇએ તો આપણા લોકનાયકોએ રાજ્ય બંધારણમાં પંદર વર્ષને અંતે, એટલે સને ૧૯૬૫ માં અંગ્રેજીને બદલે સત્તાવાર ભાષા તરીકે હિન્દીને સ્થાપિત કરવાની જોગવાઇ કરી હોવા છતાં, આજે એ અવધને બીજાં દશ વર્ષ વીતી ગયાં છતાં અંગ્રેજી બીજી સત્તાવાર ભાષા તરીકે કાયમ રહી છે અને વ્યવહારમાં તો હજી અંગ્રેજી જ અગ્રસ્થાને છે. આનું કારણ એ છે કે, ઉત્તર ભારતના લોકો જેઓ મોટી સંખ્યામાં હિન્દી અથવા એને મળતી પ્રાદેશિક ભાષા બોલે છે, અને જેઓ હિન્દીના પ્રખર હિમાયતીઓ છે તેઓ દક્ષિણ ભારતના દ્રાવિડ કુળની ચાર ભાષા બોલનારા લોકોને હિંદીને રાષ્ટ્રભાષા તરીકે અપનાવવા સમજાવી શકયા નથી. દક્ષિણ ભારતવાસીઓના મનમાં હિન્દી ભાષા બોલનારના આધિપત્યની એવી ભડક પેસી ગઇ છે અથવા તો સંકુચિત ભાષાવાદના હિમાયતીઓએ એવી ભડક પેસાડી દીધી છે કે અનેક હિંસક આંદોલનો દ્વારા તેમણે હિન્દીને રાષ્ટ્રભાષા તરીકે સ્થાપિત કરવામાં રુકાવટો ઊભી કરી. અંગ્રેજી ભાષાને વધુ જીવતદાન આપ્યું છે.

ભાષાના ઝગડાઓ ટાળીને રાષ્ટ્રીય ભાવાત્મક એકતાને સ્થાપિત કરી ભારતની નવી પેઢીમાં સુદૃઢ કરવાના હેતુથી જે ત્રિભાષા - સૂત્ર (Three language forumula) યોજવામાં આવ્યું છે તેને પણ શિક્ષણક્ષેત્રે ચરિતાર્થ કરી શકાયું નથી. ભાષા શિક્ષણનો સ્વાભાવિક ક્રમ તો ઉપર આપ્યો છે તે જ હોઇ શકે: પહેલી માતૃભાષા યા પ્રાદેશિક ભાષા, બીજી, રાષ્ટ્રભાષા એટલે હિંદી, અને

This is opinion and not based on facts.

અને ત્રીજી, કોઇ વિશ્વભાષા સંભવતઃ અંગ્રેજી.

આમાં પ્રથમ ભાષા વિશે સર્વાનુમતિ પ્રવર્તે છે, પરંતુ બીજી ભાષા હિન્દી કે અંગ્રેજી રાખવી એ વિશે દેશમાં ઉગ્ર મતભેદ પ્રવર્તે છે. તેમાં પણ હિન્દી ભાષાભાષી પ્રદેશોમાં હિન્દી લોકોની માતૃભાષા યા પ્રાદેશિક ભાષા હોવાથી, સ્વાભાવિક રીતે અંગ્રેજી એમની બીજી ભાષા બને છે, અને આ પ્રદેશોમાં લોકોના સઘળા પ્રાદેશિક આંતર-પ્રાદેશિક તથા આંતરરાષ્ટ્રીય વહેવારો આ બે ભાષા દ્વારા ચાલી શકતા હોવાથી હિન્દી ભાષાભાષી લોકોએ ત્રિભાષી સૂત્રે યોજેલી ભાષાશિક્ષણની સમતુલા વાસ્તવમાં ઉથલાવી નાખી છે. દક્ષિણવાસીઓએ પણ હિન્દીને બદલે અંગ્રેજીને બીજી ભાષા તરીકે અપનાવીને આ સૂત્રને નિરર્થક બનાવ્યું છે.

<u>ભાષા શિક્ષણના પ્રશ્નો :</u>

ભાષાશિક્ષણને લાગેવળગે છે ત્યાં સુધી વ્યક્તિની અભિ-વ્યક્તિની ભાષા તરીકે માતૃ યા પ્રાદેશિક ભાષાના શિક્ષણ ઉપર જ સૌ પ્રથમ ધ્યાન અપાવું જોઇએ. જો વિદ્યાર્થી પોતાની પહેલી ભાષામાં અપેક્ષિત ભાષા-પ્રાવિણ્ય (proficiency) અને કૌશલ્યો (skills) પૂરતા પ્રમાણમાં ખીલવી શકે તો ભાષાશિક્ષણની સમગ્ર સમસ્યા અડધી હલ થઇ જાય. દક્ષિણની ચાર ભાષાઓ સિવાયની પ્રાદેશિક ભાષાઓ અને હિન્દી એક જ કુળની ભાષાઓ હોવાથી પ્રાદેશિક ભાષાઓનું અપેક્ષિત કૌશલ્ય પ્રાપ્ત કરનાર વ્યક્તિ માટે તેની મારફત હિંદી ભાષામાં પ્રમાણમાં મર્યાદિત કૌશલ્યો પ્રાપ્ત કરવાનું મુશ્કેલ નથી. જો વિદ્યાર્થીની બીજી ભાષા હિન્દી હોય તો એની પહેલી ભાષા મારફત બીજી ભાષા શીખવાનું તેને માટે સરળ બનવું જોઇએ.

જ્યાં એકથી વધારે ભાષા શીખવાનું આવશ્યક હોય ત્યાં બેઉ યા ત્રણે ભાષાના હેતુઓનું આલેખન વિગતે અને સ્પષ્ટપણે થવું જોઇએ. પછી આ હેતુઓની સિધ્ધિ માટે ઉપકારક ને સક્ષમ પાઠ્યક્રમો અને અધ્યયન અધ્યાપન પધ્ધતિઓનું નિર્માણ કરીને, સુયોજિત ને હેતુલક્ષી પાઠ્યપુસ્તકો દ્વારા શિક્ષણકામ હાથ ધરાવું જોઇએ. શાળા-મહાશાળામાં થતા બીજી ભાષાના શિક્ષણકાર્યને સામયિકો, સિનેમા, રેડિયો દ્વારા અને ત્રીજી ભાષાના શિક્ષણમાં ગ્રંથાલયની ટેવ તથા વહોળા ઉપયોગ દ્વારા પુષ્ટિ મળતી રહે એવો પ્રબંધ શિક્ષકે કરવો ઘટે.

માતૃભાષા - શિક્ષણનું માધ્યમ :

શિક્ષણના માધ્યમનો પ્રશ્ન પણ આપણે ગૂંચવી માર્યો છે. સમગ્ર વિશ્વના કેળવણીકારોએ માતૃભાષાને શિક્ષણના માધ્યમ તરીકે સ્થાપિત કરવાની વાત સ્વીકારી છે. આ પ્રશ્ન માત્ર ભારતનો નહીં પરંતુ આખા વિશ્વનો પ્રશ્ન છે. આથી એની વિચારણા માટે આજથી લગભગ પચીસ વર્ષ પૂર્વે સંયુક્ત રાષ્ટ્રોની યુનેસ્કો સંસ્થાએ પેરીસમાં જુદા જુદા દેશોમાંથી ચૂંટી કાઢેલા નિષ્ણાતોની એક સભા બોલાવી હતી. એના અહેવાલમાં પણ માતૃભાષાને શિક્ષણની બોધભાષા તરીકે સ્વીકારવાની હિમાયત આ પ્રમાણે કરવામાં આવી છે:

"It is axiomatic that the best medium of teaching a child is his mother tongue. Psychologically, it is the system of meaningful signs that in his mind works automatically for expression and understanding. Sociologically, it is a means of identification among

the members of the community to which he belongs, Educationally, he learns more quickly through it than through an unfamiliar linguistic medium."

અલબત્ત આવા સર્વસામાન્ય સિધ્ધાંતના અમલમાં પણ ક્યાંક ક્યાંક રાજકીય, ભાષાકીય, શૈક્ષણિક, સામાજિક, સાંસ્કૃતિક, નાણાંકીય કારણોસર અવરોધો તો ઊભા થવાના જ દૂરંદેશી અને ધીરજથી આવા અવરોધો દૂર કરી શિક્ષણક્ષેત્રે આદિથી અંત સુધી ઉપરોક્ત સિધ્ધાંતને અમલમાં મૂકવાનું શક્ય બનાવવાનું કામ તે દેશના રાજપુરુષો, લોકનાયકો અને શિક્ષણકારોએ ઉપાડી લેવું જોઇએ.

આપણા દેશમાં છેલ્લાં પંદરેક વર્ષથી આપણા રાજપુરુષો અને કેળવણીકારો આ પ્રશ્નનો સર્વમાન્ય, સંતોષકારક ઉકેલ શોધવાની મથામણ કરી રહ્યા છે પરંતુ તેમાં એમને હજી પૂરી સફળતા મળી નથી. રાજકીય અને સામાજિક સ્તરે આ પ્રશ્નના ઉકેલની વિચારણા આ સંશોધનના ક્ષેત્ર બહારની વાત છે. એ છોડી દઇએ. પરંતુ શૈક્ષણિક દૃષ્ટિએ નડતા કેટલાક અવરોધો અને તે દૂર કરવાનો થોડો વિચાર કરીએ.

કોઇપણ ભાષાના શિક્ષણના માધ્યમ તરીકેની ક્ષમતાનો આધાર ભાષાની જે તે વિદ્યાશાખાના શિક્ષણ માટેની સજ્જતા અને ક્ષમતા ઉપર રહેલો છે. આપણી પ્રાદેશિક ભાષાઓનો વિકાસ ઘણો મોડો શરૂ થયો છે. આ દેશ સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી જ સર્વદેશીય વિકાસને પંથે ચડયો છે. આવા વિકસતા દેશમાં આ વિકાસની સાથોસાથ પ્રાદેશિક ભાષાઓનું ખેડાણ થતું હોય છે, અને શબ્દભંડોળમાં વૈવિધ્યપૂર્ણ ઉમેરો ઝડપથી થતો જાય છે,

એની અભિવ્યક્તિની ક્ષમતા પણ વધતી જાય છે.

ભાષા-વિકાસની આ સજ્જતા ક્ષમતા વધતી જતી હોય તે દરમિયાન શિક્ષણના માધ્યમ તરીકે એ ભાષાનો ઉપયોગ કરવામાં મુશ્કેલી નડે એ સ્વાભાવિક છે. આથી એવા વચગાળાના સમય માટે તો બોધભાષા તરીકે બીજી વધુ ખેડાયેલી ભાષાનો ઉપયોગ કરવામાં આપણને સંકોચ ન થવો જોઈએ.

ભાષાનું શબ્દભંડોળ વધારવાનું તથા નવી જરૂરતોને અનુરૂપ વિશેષ વાચન સામગ્રી તૈયાર કરવાનું કામ શિક્ષણશાસ્ત્રીઓ અને સંશોધકોનું છે.

આ દિશામાં એક નમ્ર પ્રાથમિક પ્રયાસ તરીકે આ સંશોધન પણ યોજાયું છે. જ્ઞાનનાં વિવિધ ક્ષેત્રોમાં શિક્ષણને જુદે જુદે સ્તરે ગુજરાતી શબ્દભંડોળનો વિકાસ સાધવાના પ્રયાસોની અગાઉ દર્શાવેલી આવશ્યકતાને આથી સમર્થન મળે છે.

3

અર્વાચીન ગુજરાતી ભાષા

આ પ્રકરણના પહેલા ખંડમાં માનવીએ વાચા કેવી રીતે વિકસાવી અને તેમાંથી ભાષાનો કેવી રીતે ઉદ્ભવ થયો તેની ચર્ચા કરી. બીજા ખંડમાં બહુભાષાભાષી દેશોમાં, વિશેષ કરીને ભારતમાં, વિવિધ પ્રાદેશિક ભાષાઓનો કેવી રીતે ઉદ્ભવ થયો અને ભારત જેવા વિકસતા દેશમાં આ ભાષાઓ પાસે શી શી કામગીરીની અપેક્ષા રાખવામાં આવી છે તેની વાત કરી. હવે આ ત્રીજા ખંડમાં પ્રસ્તુત સંશોધનને જેની સાથે સીધો સંબંધ છે અને

અને જે ભાષાના શબ્દભંડોળ અંગે તે હાથ ધરવામાં આવ્યું છે તે ગુજરાતી ભાષાના ઉદ્ભવ અને વિકાસગાથાની સંક્ષેપમાં આલોચના કરીશું.

અર્વાચીન ગુજરાતી:

ગુજરાતી રાજ્યના લોકોની માતૃ યા પ્રાદેશિક ભાષા ગુજરાતી છે. રાજ્યની કુલ વસતી ૨.૬૬ કરોડની છે, એના ૮૯.૩૬ એટલે ૨.૩૮ કરોડ લોકોની પહેલી ભાષા ગુજરાતી છે. ઉર્દૂ, કચ્છી, હિંદી અને મરાઠી ભાષાભાષી લોકો અનુક્રમે ૨.૧૭%, ૧.૫૨%, ૧.૨૬% અને ૦.૯૭% છે. આ ઉપરાંત પરપ્રાંતોમાં અને વિદેશોમાં ઠરીઠામ થયેલા ગુજરાતીઓની સંખ્યા પણ મોટી છે. (ગુજરાતી ભાષાનો ઇતિહાસ – સંક્ષેપમાં.

આજે ગુજરાતમાં જે ગુજરાતી બોલાય છે તે અર્વાચીન ગુજરાતી છે, એ તબક્કે પહોંચતાં પહેલાં ભાષાને બીજા કેટલાક તબક્કામાંથી પસાર થવું પડ્યું છે. આપણે એના ઇતિહાસમાં ન ઉતરીએ તો પણ ગુજરાતના એક વિદ્વાન ભાષાશાસ્ત્રી – દીવાન બહાદુર કેશવલાલ હર્ષદરાય ધ્રુવનો અભિપ્રાય નોંધીએ:

"વાસ્તવિક રીતે ગુજરાતી ભાષાના ત્રણ યુગ છે. ઇસવીસનના દસમા અગિયારમા શતકથી ચૌદમા શતક સુધીનો પહેલો યુગ, પંદરમા શતકથી સત્તરમા શતક સુધીનો બીજો અને પછીનાં શતકોનો ત્રીજો. પહેલા યુગની ભાષાને अपभ्रंश કે "પ્રાચીન ગુજરાતી" નામ આપવું ઘટે છે. બીજા યુગની ગુજરાતી જે સામાન્ય રીતે હાલ "જૂની ગુજરાતી" તરીકે ઓળખાય છે, તેને "મધ્યકાલીન ગુજરાતી" કહેવી યોગ્ય છે. ત્રીજા યુગની ગુજરાતીને "અર્વાચીન ગુજરાતી" સંજ્ઞા આપવામાં મતભેદ હોય જ નહીં."

ગૂજરાતી સંસ્કૃત કુળની ભાષા છે. એના શબ્દભંડોળના તત્સમ શબ્દોમાં સંસ્કૃત ભાષાની ઘેરી અસર જોવા મળે છે. ત્યારપછી પ્રાકૃત, અપભ્રંશ તથા એના વિવિધ પ્રકારોની તેમ જ પડોશની રાજસ્થાની મારવાડી ભાષાની સીધી અસર પણ અર્વાચીન ગૂજરાતીના ઘડતર પર પડી છે. પુરોગામી ભાષાઓની અસર સિવાય આપણને ગૂજરાતી ભાષાના ઇતિહાસ સાથે ઝાઝી નિસ્બત નથી. આ સંશોધનમાં તો આપણે અર્વાચીન ગૂજરાતી ભાષાના શબ્દભંડોળનો જ અભ્યાસ કરવા ધાર્યો છે.

<u>પરિવર્તનશીલ ભાષા :</u>

કોઇપણ ભાષામાં અને એમાં પ્રચલિત થયેલા શબ્દોમાં ફેરફારો કેવી રીતે થાય છે તે ભટ (૧૯૬૬) એ સરસ રીતે નીચે પ્રમાણે આલેખ્યુ છે:

"વિશ્વમાં દરેક વસ્તુ પરિવર્તનશીલ છે, તેમાંયે પૃથ્વી પરની જીવિત વસ્તુઓ સંયોગોને આધીન થઇને પરિવર્તન પામે છે. આજ રીતે મનુષ્યની સંસ્કૃતિમાં પણ ફેરફારો થાય છે, અને થતા જ રહે છે. ભાષા પણ માનવ સંસ્કૃતિનુ એક અંગ છે. અને એ પણ પરિવર્તનશીલ છે. પ્રાચીન શબ્દોને અર્થો ભુસાતા જાય છે. અને એમને સ્થાને નવા આવે છે, અથવા શબ્દોના અર્થોમાં અને અભિવ્યક્તિમાં પરિવર્તન આવે છે – એટલે કે પ્રાચીન કાળમાં અમુક શબ્દોનો અર્થ અમુક થતો હોય તો અર્વાચીન કાળમાં એનો અર્થ કંઇ જુદો જ થયો હોય. નવા જ શબ્દો પણ ભાષામાં સ્થાન લેતા હોય છે. આ શબ્દો કાં તો તદ્દન નવા જ હોય છે, કાં તો બીજી કોઇ ભાષામાંથી અપનાવવામાં આવ્યાં હોય છે. નવી વસ્તુઓ જેમ જેમ અસ્તિત્વમાં આવતી જાય તેમ તેમ એનાં નવાં નવાં

નામો અને એના પરથી બનાવાતાં વિશેષણો, ક્રિયાપદો, વગેરે પણ ભાષામાં વપરાવા લાગે જ."

શબ્દભંડોળનો વિકાસ યા તેની વૃધ્ધિ :

કોઇપણ ભાષાના બે મુખ્ય અંગો તે શબ્દ અને વાકયબંધ (structure) ભાષાની અભિવ્યકિત - સજ્જતા/ક્ષમતાનો આધાર તેના વિશાળ ને વૈવિધ્યપૂર્ણ શબ્દભંડોળ ઉપર છે. ગમે તેવા સૂક્ષ્મ વિચાર યા ભાવને અસરકારક રીતે વ્યકત કરવાની ભાષાની તાકાત શબ્દોનો યથોચિત ઉપયોગ કરી તેને સુયોગ્ય અને લાઘવપૂર્ણ રીતે રજૂ કરવાની નિપુણતામાં રહેલી છે. આ બેઉ અંગોનો અર્થપૂર્ણ અને ભાવાત્મક રીતે રજૂ કરવાનું લાઘવ માનવી જેટલે અંશે પ્રાપ્ત કરી શકે તેટલે અંશે તે પોતાની ભાષાશકિત અને અભિવ્યકિત કૌશલ્ય ખીલવી શકે. આ સિધ્ધિ તરફ વિદ્યાર્થીને દોરી જવાનું કામ શિક્ષકનું છે.

બાળક ત્રણ મહિનાનું થાય છે ત્યારે એની આસપાસ બોલાતા - સંભળાતા શબ્દોનું પુનરુચ્ચારણ કરવા માંડે છે, પોતાનાં વાચાના અવયવોનો ઉપયોગ કરી ધારેલ શુધ્ધ ઉચ્ચારણ (articulation) ની શકિતમાં એને જેમ જેમ વિશ્વાસ બેસતો જાય છે તેમ તેમ એ નવા નવા શબ્દો બોલવા માંડે છે.

કોઇ દષ્ટિવંત ને ખંતીલા માતપિતા જો પોતાના બાળકે ઉચ્ચારેલા શબ્દોની નિયમિત નોંધ કરે તો શબ્દભંડોળ અંગે એક નાનકડા સંશોધનનું માળખું તૈયાર થાય. એક સમજદાર ને ઉત્સાહી અમેરિકન માતા(૧૮૯૭) એ આવી અવલોકન નોંધ રાખતાં પોતાના બાળકને ૧૦મા મહિનામાં ૩ શબ્દો, ૧૧મામાં ૧૨, ૧૨મામાં ૨૪, ૧૩મામાં ૩૮, ૧૪મામાં ૪૮, ૧૫મામાં ૧૦૬,

૧૬મામાં ૧૯૯, અને ૧૭મા મહિનામાં ૨૩૨ શબ્દોનો ઉપયોગ કરતો નિહાળ્યો હતો. આપણી શિક્ષિત માતાઓ પણ જો આવી નોંધ નિયમિત રાખે તો જુદી જુદી વયે બાળ – શબ્દભંડોળની પ્રમાણિત યાદી તૈયાર કરવામાં તે સહાયભૂત થાય.

પ્રત્યેક બાળકના શબ્દભંડોળનો વિકાસ તેને ઘરમાં અને આસપાસ પ્રાપ્ત થતા પરિચયો અને પ્રત્યક્ષાનુભવો ઉપર આધારિત છે; આનુવંશિકતા કરતાં પણ વાતાવરણ જ આવા અનુભવો પૂરા પાડીને બાળકના શબ્દભંડોળમાં ઉમેરો કર્યા કરે છે. બાળક શાળામાં જાય તે પહેલાં ઘરમાં કુટુંબીઓની બોલી સાંભળી સાંભળીને અનેક શબ્દો બોલતાં શીખે છે, એના માતાપિતા એને પડોશીને ત્યાં લઇ જાય, બાગમાં ફરવા લઇ જાય કે નદી દરિયા કિનારે લઇ જાય ત્યારે તે વાતાવરણમાંથી એ નવા શબ્દો મેળવતું જાય છે, જે જે ચીજો એ જુએ – વાપરે – બીજાને વાપરતાં જુએ તેની સંજ્ઞારૂપ શબ્દો નામ તે શીખી લે છે, જે જે ક્રિયા તે કરે છે તેના પ્રતીકરૂપ શબ્દો ક્રિયાપદો તે શીખતું જાય છે. આમ પાંચ – છ વર્ષની ઉંમરે પ્રાથમિક શાળામાં તે દાખલ થાય ત્યાર પહેલાં તો એની પાસે સારું જેવું શબ્દભંડોળ એકઠું થયેલું હોય છે.

શાળામાં પણ ભાષાશિક્ષણનો પાયો એની વાચા – શક્તિ એટલે શુધ્ધ ધ્વનિ – ઉચ્ચારણ, શુધ્ધ ને સ્પષ્ટ શબ્દોચ્ચાર, અસરકારક મૌખિક કથન ધ્વારા જ નખાય છે. આમાં શબ્દો એની ભાષાનું મુખ્ય સાધન છે અને વાકયબંધ વિચાર વ્યકત કરવાનો નાનામાં નાનો એકમ છે. આ બન્ને સાધનો પર યથોચિત ભાર મૂકીને નાના વિદ્યાર્થીનાં ભાષા–કૌશલ્યો ખીલવવામાં આવે છે.

જેમ નાનું બાળક અવલોકન અને અનુકરણ દ્વારા નવા શબ્દો

શીખે છે તેમ શાળાના વિદ્યાર્થીઓ પોતાના પાઠ્યપુસ્તક દ્વારા જેટલા શબ્દો શીખે છે તેથી વધારે શબ્દો પ્રાકૃતિક અને સામાજિક સંપર્કો દ્વારા અવલોકનથી તથા પ્રત્યક્ષ ક્રિયા દ્વારા આત્મસાત કરે છે, જો કે શિક્ષકની નજર પાઠ્યપુસ્તકની બહાર નવા શબ્દો શોધવાના યોગ્ય સ્થળો ઉપર ફરતી નથી. બુનિયાદી શિક્ષણનો એક પાયાનો સિધ્ધાંત ઉદ્યોગ દ્વારા, પ્રવૃત્તિદ્વારા, પ્રાકૃતિક ને સામાજિક સંપર્કો દ્વારા શિક્ષણ આપવાનો છે. શિક્ષક જો આ સિધ્ધાંતને અનુલક્ષીને જે જે પ્રવૃત્તિઓ દ્વારા આવા અનુભવો વિદ્યાર્થીઓને મળતા હોય તેનું આયોજન કરે તો આપણા વિદ્યાર્થીની ભાષા-ક્ષમતામાં સંગીન વધારો થયા વિના નહીં રહે.

કોઇપણ ભાષાના શબ્દભંડોળમાં નવા શબ્દોનો જે ઉમેરો થાય છે તેમાં પરદેશીઓના સમાગમ દ્વારા વિદેશી ભાષાઓ ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. ગૂજરાતી ભાષા ઉપર કઇ કઇ ભાષાની અસર પડી છે? ગૂજરાતીઓ સાગરખેડૂ હતા, એઓ જે જે દેશમાં વેપારાર્થે જતા ત્યાંની ભાષાના કેટલાક શબ્દો શીખી લાવ્યા. આપણાં શહેરોમાં આરબ વેપારીઓ આવતા, એમની સાથે વાતચીત કરતાં કરતાં લોકો અરબી ભાષાના શબ્દો શીખી લેતા આ પ્રમાણે મુસલમાન રાજ્યકર્તાઓની ફારસી – ઉર્દૂ ભાષાના જીવંત સંપર્કમાં ભારતવાસીઓ આવ્યા. અંગ્રેજ શાસકોની ભાષા – અંગ્રેજી તો જાણે આપણા દેશની જ ભાષા હોય એવો ઊંચો દરજ્જો ને મહત્ત્વપૂર્ણ કામગીરી તેને બ્રિટિશ અમલ દરમિયાન હિંદના જાહેરજીવનનાં વિવિધ ક્ષેત્રોમાં મળી ગયાં.

મહાત્મા ગાંધીની પ્રેરણાથી સાર્થ-ગૂજરાતી જોડણીકોશ પહેલવહેલો (૧૯૨૯)માં પ્રગટ થયો. પહેલી આવૃત્તિમાં જોડણીકોશે

૪૩૭૪૩ શબ્દો આપ્યા. બીજી આવૃત્તિમાં (૧૯૩૧) ૪૬૬૬૧ શબ્દો આપ્યા, ત્રીજી આવૃત્તિ (૧૯૩૭) માં ૫૬૮૩૦ શબ્દો આપ્યા, પાંચમી આવૃત્તિ (૧૯૬૭) માં શબ્દસંખ્યા વધીને ૬૮૪૬૭ થઈ. આ આંકડા ગૂજરાતી શબ્દભંડોળમાં થતા ઉત્તરોત્તર વધારાની સાક્ષી પૂરે છે.

ત્રીજી આવૃત્તિ (૧૯૩૭) ની કુલ શબ્દસંખ્યામાં જુદી જુદી ભાષાઓના શબ્દોનું પ્રમાણ કેટલું હતું તે નીચેના આંકડા પરથી સમજાશે.

સંસ્કૃત (તત્સમ)	૨૦,૨૬૫	૩૫	%
અરબી	૮૨૪	૧.૫	%
ફારસી	૧,૭૫૬	૩	%
અંગ્રેજી	૩૬૦	૦.૫	%

ઉપરાંત હિંદીના ૧૮૩, મરાઠીના ૪૪, તુર્કીના ૨૭ અને પોર્ટુગીઝના ૨૯ શબ્દો પણ છે.

જ્ઞાન-વિજ્ઞાનનાં ક્ષેત્રો જેમ જેમ ખેડાતાં જાય, જેમ જેમ વિદેશી ભાષાના ગ્રંથોના અનુવાદ થતા જાય અને જેમ જેમ એ ક્ષેત્રોમાં આપણી પ્રાદેશિક ભાષાઓ વપરાતી જાય, એના શિક્ષણનું માધ્યમ બનતી જાય અને પાઠ્યપુસ્તકો તથા અન્ય ગ્રંથો પ્રકાશિત થતાં જાય તેમ તેમ જે તે ક્ષેત્રની પરિભાષા (terminology) આપણી ભાષામાં ઉમેરાતી જાય અને શબ્દભંડોળ તથા ભાષા બેઉ વધુ ને વધુ સમૃધ્ધ બનતાં જાય અને પરિણામે વધુ ને વધુ પ્રમાણમાં અભિવ્યક્તિનાં સમર્થ વાહન બનતાં જાય.

જો આપણા શિક્ષણમાં અને રોજબરોજના જીવન -

વ્યવહારમાં પણ બહોળા શબ્દભંડોળની આટલી ઉપયોગિતા ને મહત્તા હોય તો ભાષાકીય સંશોધનોમાં શબ્દભંડોળના સંશોધનોને આપણે અગ્રસ્થાન આપવું ઘટે, કે જેથી એનાં તારણો તથા સૂચનો લાભ લઈ આપણે આપણા શિક્ષણ પાઠ્યક્રમોને સર્વગ્રાહી બનાવી તેનું ઉન્નયન કરી શકીએ અને પાઠ્યપુસ્તકોને પણ વૈજ્ઞાનિક ઢબે ક્રમિક બનાવી હેતુસાધન બનાવી શકીએ.